## દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૫ ઉમેદવારો માટે ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

**તારીખ: ૦૨/૦૪/૨૦૨૬**

- દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૫ અન્વયે **તા.૦૨/૦૪/૨૦૨૬**ના રોજ માધ્યમવાર,વિષયવાર, દિવ્યાંગતા કેટેગરીવાર પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–2 (PML-2) www.gserc.in અને શાળા પસંદગી માટેની સૂચનાઓ વેબસાઈટ પર મૂકવામાં આવે છે. તેમજ આ અંગેની જાણ સંબંધિત ઉમેદવારોને SMS થી પણ કરેલ છે.
- દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૫ અન્વયે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–2 (PML-2) માં સમાવિષ્ટ થયેલ ઉમેદવાર પોતાની ઈચ્છા અનુસાર પોતાના માધ્યમ, વિષય, અને દિવ્યાંગતા કેટેગરી મુજબની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પૈકી અગ્રતાક્રમ અનુસાર શાળાઓની અમર્યાદિત સંખ્યામાં **તા.૦૨/૦૪/૨૦૨૬ થી તા.૦૪/૦૪/૨૦૨૬ ના રાત્રે ૧૧.૫૯** કલાક સુધી શાળા પસંદગી આપી શકશે.
- **સમયમર્યાદામાં ઓનલાઇન શાળા પસંદગી ન આપનાર ઉમેદવારો કોઈ શાળા પસંદગી ઈચ્છતા નથી તેમ માની તેઓને આ દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયામાંથી બાકાત કરવામાં આવશે જેની નોંધ લેવી.**
- **મર્યાદિત શાળા પસંદગીના કારણે જો કોઈ ઉમેદવારને શાળા ફાળવણી થશે નહિ અને આવા ઉમેદવાર કરતા ઓછા મેરીટ ધરાવતા ઉમેદવારને શાળા ફાળવણી થશે નહિ તો એવા ઉમેદવારને ફરીથી તક આપવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી. આથી તમામ શાળાઓને અગ્રતાક્રમ મુજબ પસંદગી આપવી હિતાવહ છે.**
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટેની સૂચનાઓ...
  - ઉમેદવારે www.gserc.in વેબસાઈટ પર જઈ **PwD Higher Secondary Government** વિકલ્પ ક્લીક કરી અને **Apply For PwD Higher Secondary Government** પર ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં પોતાનો TAT નંબર, જન્મતારીખ, પાસવર્ડ અને ફિક્સ Captcha Code એન્ટર કરી લોગ–ઈન કરવાનું રહેશે.

**ત્યારબાદ....**

- School Selection મેનુ પર ક્લિક કરતાં, નીચે મુજબની માહિતી ભરવાની રહેશે.

  1) હાલ આપ નિયમિત ભરતીથી શિક્ષક તરીકે ફરજ બજાવો છો? ☐ હા ☐ ના

  ( હાલ શિક્ષણ વિભાગ હેઠળની સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં ફરજ બજાવતા હોવાના કિસ્સામાં)

    - જો હા તો Primary/Secondary/Higher secondary પૈકી એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
    - Government/Grant-in-aid પૈકી એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
    - School Dise code (હાલ જે શાળામાં ફરજ બજાવતા હોવ તે શાળાનો School Dise code ફરજિયાત લખવાનો રહેશે.)

**2)** દિવ્યાંગ ખાસ ભરતી ઝુંબેશ અન્વયે સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૫ **સિવાય અન્ય કયા વિભાગ માટે અરજી કરેલછે?**

**જેમાં આપે હાલમાં ચાલુ ભરતી પ્રક્રિયા–૨૦૨૫ (દિવ્યાંગ ખાસ ભરતી) માં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી (HGVD) સિવાય અન્ય કયા વિભાગ માટે અરજી કરેલ છે તેનો લાગુ પડતો વિકલ્પ ક્લિક કરી એપ્લીકેશન નંબર એન્ટર કરવો.**

| | | |
|---|---|---|
| ☐ | **બિન**સરકારી ઉચ્ચતર માધ્યમિક | દા.ત. HGRD1234567 |
| ☐ | સરકારી માધ્યમિક | દા.ત. SGVD1234567 |
| ☐ | બિનસરકારી માધ્યમિક | દા.ત. SGRD1234567 |

**ત્યારબાદ....**

ઉમેદવારનું નામ, ટાટ વિષય, માધ્યમની વિગતો જોવા મળશે. જેમાં District ના ડ્રોપડાઉન મેનૂ માંથી એક અથવા એક કરતાં વધારે જિલ્લાઓ પસંદ કરી શકાશે ત્યારબાદ બાજુમાં રહેલ Search પર ક્લિક કરતાં ડાબી બાજુએ School List જોવા મળશે. જેમાં શાળાનું નામ, ગામ, તાલુકો, જગ્યાની દિવ્યાંગતા કેટેગરી સાથેની યાદી જોવા મળશે.

આપ જે શાળાની પસંદ કરવા ઈચ્છતા હોવ તે શાળાના નામના અંતે આપેલા → નિશાન પર ક્લિક કરી તે શાળા પસંદગી યાદીમાં(જમણી બાજુએ) ઉમેરી શકાશે. આમ ઉમેદવારે પસંદગીક્રમ મુજબ ક્રમાનુસાર શાળાઓ પસંદ કરવી તેમજ તે શાળા જમણી બાજુએ યાદીમાં આવે તે ચકાસી લેવું. જમણી બાજુએ આપ પસંદ કરાયેલ શાળાઓ જોઈ શકશો. જમણી બાજુની યાદીમાં શાળાઓનો પસંદગીક્રમ સુધારવા ઈચ્છો તો ડ્રેગ કરી શાળાનો ક્રમ ઉપર નીચે કરી શકાશે. અને આ રીતે આપ શાળાના પસંદગીક્રમ ફેરફાર કરી શકશો.

શાળા પસંદગી આપ્યા બાદ નીચે SAVE બટન અચુક ક્લીક કરશો જેથી આપની પસંદગી સચવાઇ રહે અને બીજીવાર લોગ–ઇન થાઓ ત્યારે અગાઉ આપાયેલ પસંદગી જોઇ શકો અને ત્યાંથી આગળ વધી શકાય. SAVE કર્યા વિના લોગ આઉટ થતાં શાળા પસંદગી સેવ થશે નહિ અને નવેસરથી શાળાઓ પસંદ કરવાની રહેશે.

- પસંદગી યાદીમાંથી કોઇ શાળા રદ કરવી હોય તો, તે શાળાના નામ સામે આપેલ ડીલીટ બટન પર ક્લીક કરતાં તે દૂર(રિમુવ) કરી શકાશે. ઉમેદવારે પસંદ કરેલ શાળા જમણી બાજુની **Selected school List** યાદી માંથી નીકળી ડાબી બાજુની **School List** યાદીમાં આવી જશે. ડ્રેગ કરીને શાળા ઉપર–નીચે કરી પસંદગીક્રમ બદલી શકો છો.
- શાળાઓ પસંદ કર્યા બાદ યાદીની નીચેના ભાગના ત્રણ બટન પૈકી વચ્ચે આપેલ **SAVE** બટન ક્લીક કરતા આપનો ડેટા SAVE થશે અને જ્યારે આપ બીજી વખત લોગ–ઇન થાઓ ત્યારે અગાઉનો ડેટા

SAVE હશે તથા તે સમયે શાળા પસંદગીમાં ફરીથી ફેરફાર કરવા ઇચ્છો તો તે કરી શકાશે. ઉમેદવાર **'RESET' બટન દ્વારા save કરેલ તમામ શાળાઓની માહિતી રદ કરી** કરી તમામ શાળાઓની નવેસરથી પસંદગી કરી શકશે.

- આપ આ રીતે એક જ તબક્કામાં અથવા જુદા જુદા તબક્કામાં પસંદગી આપ્યા બાદ છેલ્લી પસંદગી યાદી ફાઇનલ કરવા માટે સરકારી શિક્ષણ સહાયક શાળા પસંદગીની બાંહેધરી વાંચી–સમજી તેના ડાબી બાજુના ચેક બોક્ષ પર ક્લીક કર્યા બાદ **"Confirm & Lock"** બટન ક્લીક કરતાં ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર **OTP** આવશે, જે આપેલ બોક્ષમાં એન્ટર કરવાથી પસંદગીનો ડેટા ફાઇનલ સબમીટ થશે. **ખાસ ધ્યાન રહે કે SAVE & CONFIRM કર્યા સિવાય ઉમેદવારે આપેલ શાળાઓ પસંદગી યાદી ફાઈનલ થશે નહિ અને શાળા ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહિ.**
- **"Confirm & Lock" કર્યા બાદ કોઈ સુધારો થઇ શકાશે નહિ કે પસંદગીમાં ફેરફાર કરી શકાશે નહિ . આથી આપના દ્વારા શાળા પસંદગી પ્રક્રિયા ફાયનલ થયા બાદ જ "Confirm & Lock" કરવું.**
- **"Confirm & Lock"** કર્યા બાદ આપ **'HOME'** ટેબ પર જઇ **'View Candidate School Selection'** ઓપ્શન પસંદ કરતાં આપની પસંદગી કરેલ શાળાઓની પ્રાયોરીટી ક્રમ સાથેની યાદી જોવા મળશે. જેની **Download & Print Candidate selected school Report** બટન પર ક્લિક કરી pdf ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની અને સાચવી રાખવાની રહેશે.
- **ઉમેદવારે તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધીમાં પોતાની પસંદગી "Confirm & Lock"કરવાની રહેશે.**
- ઉમેદવારને પોતાના મેરીટક્રમ મુજબ પોતાના દ્વારા પસંદગી ક્રમમાં જે શાળા મળવાપાત્ર થતી હશે તે શાળા ફાળવણી કરવામાં આવશે. જેથી વધુમાં વધુ શાળાઓ પસંદ કરવી હિતાવહ છે.
- મર્યાદિત શાળા પસંદગી આપવાને કારણે જો કોઈ ઉમેદવારને શાળા ફાળવણી નહિ થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.
- ઉમેદવારોએ છેલ્લી તારીખ/સમયની રાહ જોયા સિવાય સમયસર શાળા પસંદગી પૂર્ણ કરવી હિતાવહ છે જેથી છેલ્લા સમયે ઉદભવતી સમસ્યાઓ ટાળી શકાય.
- **શાળા ફાળવણી બાદ જે તે શાળામાં નિમણૂક આપવા અંગે તથા નિમણૂકની શરતો અંગે આગામી અલગથી માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવશે.**
- **ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સૌને શિક્ષણ વિભાગના સંનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.**

==============